## ॥ શ્રધ્ધાંજલિ ॥



## સ્વ. સુસ્મીતા કિરીટકુમાર વ્યાસ

જન્મ તા. ૨૭-૧૦-૧૯૫૯, સ્વ. તા.: ૨૨-૩-૨૦૨૧
સવંત ૨૦૭૭ ફાગણ સુદ-૮, સોમવાર

જીવનના દરેક ડગલે, કુટુંબના દરેક પગલે, દુનિયાના દરેક ખુણે, સમાજના દરેક પ્રસંગે તમે પરિવારના સદાય પથદર્શક રહ્યા છો. તમે અમોને આપેલ સરળ જીવન, ઉચ્ચ વિચાર, ઉત્કૃષ્ટ નૈતિક મુલ્યો, પ્રામાણિક વ્યવહાર અને નિષ્કપટ વાણીના વારસાને અમો સદાય આત્મસાત કરીએ છીએ. પરિવાર જેમનું મંદિર હતુ અને પરિશ્રમ જેનુ કર્તવ્ય હતુ અને પુરુષાર્થ જેની ભક્તિ હતી તથા જેના દરેક વિચારમાં દાન, ધર્મ અને નીતિ વસેલી હતી. તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારોને સદાય યાદ કરીશુ. સત્, ચિત્ત, આનંદરુપ તમારા આત્માને પરમાત્મા પોતાનામા સમાવી લે તેવી અમારી શ્રધ્ધાંજલિ.

કિરીટકુમાર દલસુખરાય વ્યાસ (પતિ)
નિધી કિરીટકુમાર વ્યાસ (પુત્રી)
કુંજલ કિરીટકુમાર વ્યાસ (પુત્ર)
ચિત્રાંગી કુંજલ વ્યાસ (પુત્રવધુ)
નિયંશ (દોહિત્ર)
હરેશભાઈ રાવલ (ભાઈ)
મહેશભાઈ રાવલ (ભાઈ)
પીયુષભાઈ રાવલ (ભાઈ)
જયેશભાઈ રાવલ (ભાઈ)
રીટાબેન ત્રિવેદી (બહેન)
ગીતાબેન જોષી (બહેન)
રેખાબેન જોષી (બહેન)
હેમલતાબેન જોષી (બહેન)
વર્ષાબેન આચાર્ય (બહેન)
હેમાંગીની ઉપાધ્યાય (બહેન)
હર્ષાબેન પંડ્યા (બહેન)
જયશ્રી ભટ્ટ (બહેન)
નયના રાવલ (ભાભી)
દેવર્ષિ રાવલ (ભાભી)
બીના રાવલ (ભાભી)
બેલા રાવલ (ભાભી)
તથા વ્યાસ પરિવાર

Book Post

રવાના :
શ્રી ઓ.સ.ઝા. સાડાચારસો બ્રહ્મસમાજ
૪૧૨, શાયોના આર્કેડ, ચોથો માળ,
દિનેશ ચેમ્બર સામે, ઈન્ડિયા કોલોની રોડ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૫.

શ્રી ઓ.સ.ઝા.સા.બ્રહ્મસમાજ અમદાવાદ
રજી. નં. એ-૨૭૪૫
સંસ્કાર-સંગઠન-સમાજસેવા
વર્ષ-૪૦ મે.-૨૦૨૫

શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદનું
સંસ્કાર-સંગઠન-સમાજસેવાની સુવાસ પ્રસરાવતું દ્વિ-માસિક સામયિક

# સદ્‌ભાવ

સળંગ અંક - ૨૧૮




## મોટી વાવડીના કુળદેવી અંબાજી અને બહુચરાજી માતા



## મોટી વાવડીના પંડિત પરીવારના સતીમા

આ અંકની સ્પોન્સરશીપ શ્રીમતી ભારતી અને કિશોરભાઈ ફુલશંકર પંડિત તરફથી તેમની પૌત્રી કાવ્યા નિરવ પંડિતની જ્વલંત સફળતા માટે મળેલ છે.

## કાવ્યા નિરવ પંડિત (યુ.એસ.એ.)ની જ્વલંત સફળતાઓ




### "વેવમેકર્સ" સ્પર્ધામાં પ્રથમ ઈનામ ૨૫૦૦ ડોલર્સ



### એકેડેમીક ગેમ કોમ્પીટીશનમાં વોશીંગટન, યુ.એસ.એ.માં નેશનલ લેવલે ૫ ટ્રોફી અને ૩ મેડલ

સોસ્યલ મીડીયા વીડીયો "નો બડી ઈઝ પરેફટ" માટે ફલોરીડા સ્ટેટમાં પ્રથમ અને નેશનલમાં બીજું ઈનામ ૨૫૦ ડોલર્સ, સીલ્વર મેડલ અને પ્રશસ્તિ પત્ર મેળવેલ છે.

**શુભેચ્છા સહ : ભારતી અને કિશોરભાઈ પંડિત તથા પરિવાર**

# शुभ विवाह

શ્રી ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ અને
સ્વ.શ્રીમતી રવિન્દ્રાબેન ભાસ્કરભાઈ ભટ્ટના સુપુત્ર

## ચિ. પારસ અને ચિ. શ્રુતિ



શ્રી ગુરૂપાલ દઢવાલ અને શ્રીમતી સુરજીત દઢવાલના સુપુત્રીના શુભલગ્ન તા. ૧૮-૪-૨૦૨૫ ને શુક્રવારે ફેરફીલ્ડ, કેલીફોર્નિયા, યુ.એસ.એ. મુકામે સંપન્ન થયા



### શુભ આશીર્વાદ સાથે

| | |
|---|---|
| સ્વ. શ્રી નાનાલાલ ગિરધરલાલ ભટ્ટ | સ્વ. મુક્તાબેન નાનાલાલ ભટ્ટ |
| શ્રી પ્રફુલ્લ નાનાલાલ ભટ્ટ | શ્રીમતી સંધ્યા પ્રફુલ્લ ભટ્ટ |
| શ્રી પ્રવિણ નાનાલાલ ભટ્ટ | શ્રીમતી પલ્લવી પ્રવિણ ભટ્ટ |
| શ્રી દર્શીલ વી. દેસાઈ | શ્રીમતી નેહા દર્શીલ દેસાઈ |
| શ્રી નિરવ ભાસ્કર ભટ્ટ | શ્રીમતી શાયની નિરવ ભટ્ટ |
| શ્રી વિશાલ જહા | શ્રીમતી નિધિ વિશાલ જહા |
| શ્રી પારિતોષ પ્રવિણ ભટ્ટ | શ્રીમતી પંક્તિ પારિતોષ ભટ્ટ |
| શ્રી જીતેન પ્રફુલ્લ ભટ્ટ | શ્રીમતી બ્રીનાક્ષી જીતેન ભટ્ટ |
| શ્રી અભિષેક પ્રવિણ ભટ્ટ | શ્રીમતી હીમાની અભિષેક ભટ્ટ |
| કુ. આહના નિરવ ભટ્ટ | કુ. લ્યાશા નિરવ ભટ્ટ |

કુ. મિશ્રી પારિતોષ ભટ્ટ

# THANK YOU

23-03-2025

for donating

શ્રી ઔ. સ. ઝા. સા. બ્રહ્મસમાજ
અમદાવાદ

45 units of Blood



PRATHAMA BLOOD CENTRE

प्रथमा

# THANK YOU

23-03-2025

for donating

શ્રી ઔ. સ. ઝા. સા. બ્રહ્મસમાજ
અમદાવાદ

45 units of Blood



PRATHAMA BLOOD CENTRE

प्रथमा

# મેરેજ બાયોડેટા



## વ્યક્તિગત માહિતી :

| | | |
|---|---|---|
| પૂરું નામ | : | કશ્યપ મહેશભાઈ ભટ્ટ |
| જાતિ | : | ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ |
| જન્મ તારીખ | : | ૩૦-૯-૨૦૦૨ |
| ઉંચાઈ | : | ૫"૭' |
| વજન | : | ૬૫ કી. |

## જન્માક્ષર માહિતી :

| | | |
|---|---|---|
| જન્મ સમય | : | ૦૪.૪૫ PM |
| જન્મ સ્થળ | : | અમરેલી |
| કુલદેવત | : | ગેલી માતાજી (ભાડલા) |
| ગૌત્ર | : | ચાંડિલ્ય |

## શિક્ષણ અને વ્યવસાય :

| | | |
|---|---|---|
| શિક્ષણ માહિતી | : | B.Sc. (Chemistry) |
| નોકરી વ્યવસાય | : | Troikaa Pharmaceuticals Ltd. |
| સેલેરી | : | 5.50 LPA |

## પરીવારની માહિતી :

| | | |
|---|---|---|
| પિતાનું પૂરું નામ | : | મહેશભાઈ મનસુખભાઈ ભટ્ટ |
| માતાનું નામ | : | ભાવનાબેન મહેશભાઈ ભટ્ટ |
| પિતાનું સંપર્ક | : | 9426279749, 7383699677 |
| પિતાનો વ્યવસાય | : | તુલશી પાન હાઉસ, લાઠી |
| ભાઈઓનું પુરું નામ | : | હાર્દિક મહેશભાઈ ભટ્ટ (પરણિત) |
| બહેનોનું પુરું નામ | : | માધુરી માધવકુમાર ત્રિવેદી (પરણિત) |
| રહેઠાણનું સરનામું | : | નિલકંઠ શેરી, મંગલપરા, લાઠી, અમરેલી-૩૬૫૪૩૦. |

# BIODATA

## Dr. Hasit Vyas (MD - PULMONOLOGY)



### BIRTH INFO :

DATE AND TIME OF BIRTH - 19 : NOVEMBER, 1997 | 3:00PM
PLACE OF BIRTH - AHMEDABAD NATIVE PLACE: UMRALA, BHAVNAGAR

### PERSONAL DETAILS :

HEIGHT - 5'11"
CASTE - AUDICHYA SAHASTRA ZALAWADI 450, BHRAHMIN
EDUCATION - MD PULMONOLOGY R3 (GMERS GOTRI, MBBS (AMC MET/ LG HOSPITAL) ASPIRING TO BE DM PULMONOLOGIST

### FAMILY :

FATHER'S NAME - ANAND VYAS (RETIRED - AIR INDIA)
MOTHER'S NAME - LATE DIVYA VYAS
ELDER SISTER - FRENNY VYAS (MARRIED - WORKING WITH ADVERTISING AGENCY)

### ABOUT HASIT:

A BLEND OF TRANQUILITY AND HUMOUR. WHETHER HE'S CHEERING FOR HIS FAVOURITE FOOTBALL TEAM, STRUMMING A TUNE, OR EXPLORING NEW DESTINATIONS, HE ALWAYS FIND JOY IN LIFE'S SIMPLE PLEASURES. HE IS CALM AND PATIENT. FOOTBALL, MUSIC AND TRAVELING IS HIS GO-TO HOBBIES.

### CONTACT :

ADDRESS: NR. GODREJ GARDEN CITY, AHMEDABAD.
ANAND VYAS (FATHER) 9924216678, FRENNY VYAS MEHTA (SISTER) 7016995679
HASIT VYAS - 8200233004

# આમંત્રણ

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડા ચારસો બ્રહ્મસમાજ અમદાવાદ દ્વારા આગામી રક્ષાબંધનના શુભ પર્વ પર તા. ૩-૮-૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૮-૦૦ કલાકથી શ્રી કુશાભાઉ ઠાકરે હોલ સી.ટી.એમ. અમદાવાદ ખાતે તેજસ્વી વિદ્યાર્થી પારિતોષિક વિતરણ સમારોહ અને વાર્ષિક સાધારણ સભા અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આપ સર્વ જ્ઞાતિજનોને કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા સ્નેહસભર આમંત્રણ. કાર્યક્રમના અંતે ભોજન સાથે લઈશુ.

કાર્યક્રમ અંગેની વધારે વિગતો જુલાઈ મહિનાના સદ્‌ભાવમાં અને જ્ઞાતિના વોટસએપ ગ્રુપમાં આપવામાં આવશે.

# સદ્ભાવ


| વર્ષ-૪૦ | સળંગ અંક - ૨૧૮ | મે - ૨૦૨૫ |
|---|---|---|


## માલિક, મુદ્રક અને પ્રકાશક પત્રવ્યવહાર


શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાયારસો, બ્રહ્મસમાજ, અમદાવાદ
૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સ સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫. ફોન : ૯૯૯ ૮૦૦૦ ૪૫૦
કાર્યાલય : સોમ બુધ અને શુક્ર સાંજે ૬.૦૦ થી ૮.૦૦

sadbhav84@gmail.com
@sadbhavasz450bs
@asz450brahmsamajahmedabad
https://asz450bsabd.in


## રસથાળની સ્વાદિષ્ટ વાનગીઓ..


૧. તંત્રી સ્થાનેથી
૨. જ્ઞાતિ સમાચાર
૩. જ્ઞાતિ ગોરવ
૪. શુભ સમાચાર
૫. મૃત્યુનોંધ
૬. દાન સરવણી



તંત્રી
શ્રીમતી ડિમ્પલબેન મનીષભાઈ વ્યાસ

સહતંત્રી
શ્રીમતી પ્રિતીબેન પ્રશાંતભાઈ આચાર્ય

સંપાદક મંડળ
શ્રી હરેશભાઈ રવિશંકર જોષી
શ્રી ઉદય બી. વ્યાસ

માહિતી માટે :
મો. : ૯૯૯ ૮૦૦૦ ૪૫૦


## સદ્ભાવ આજીવન લવાજમ

સ્થાનિક : રૂ. ૧૦૦૦/- વિદેશમાં : રૂ. ૨૫૦૦/-

## જાહેરાતના દર

ફોરકલર

| | | |
|---|---|---|
| | રૂ. ૬૦૦૦ | સ્પોન્સરશીપ |
| | રૂ. ૧૫૦૦ | કલર પેજ આખુ |
| | રૂ. ૭૫૦ | કલર પેજ અડધુ |
| B/W | રૂ. ૧૦૦૦ | અંદરનું આખુ પેજ |
| B/W | રૂ. ૫૦૦ | અંદરનું અડધુ પેજ |

- સ્પોન્સરશીપ આપનારને ટાઈટલ-૧ ઉપર તેમના કુળદેવીનો ફોટો તથા નામ વિગત તથા ટાઈટલ-૨ ઉપર તેમના દ્વારા અપાતી મેટર આપી શકાશે. આ ઉપરાંત અંદરનું એક સાદુ ફુલ પેજ મળશે.
- સદ્ભાવમાં પ્રગટ થતા લેખ-જાહેરાતના સમાવેશનો નિર્ણય તંત્રી-સંપાદક મંડળને આધીન રહેશે.
- સદ્ભાવમાં પ્રગટ થતા લેખ માટે લેખક જવાબદાર છે. લેખમાં પ્રગટ થતા વિચારો કે લેખ સાથે સદ્ભાવ સહમત હોય તે અનિવાર્ય નથી.

શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાયારસો બ્રહ્મસમાજ, અમદાવાદના નામનો ચેક મોકલવો કેશ ભરનારે સ્લીપ સંસ્થાને મોકલી આપવી.

| પંજાબ નેશનલ બેંક, બાપુનગર, અમદાવાદ. | સંસ્થાનો બેંક એકાઉન્ટ નંબર | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, બાપુનગર, અમદાવાદ. |
|---|---|---|
| ૨૧૩૮૦૦૦૧૦૦૦૪૪૮૨૩ | | ૪૫૪૮૦૨૦૧૦૫૯૦૫૯૯ |
| IFS Code :PUNB0213800 | | IFS Code :UBIN0545481 |

## તંત્રી સ્થાનેથી

# ૫ જુન પર્યાવરણ દિન વિશેષ

- વ્યાસ ડિમ્પલ મનિષ

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ,

સાદર નમસ્કાર...

પર્યાવરણની જાળવણી માટે વિશ્વ, રાષ્ટ્ર, સરકાર સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિ પોતે જ જવાબદાર છે. માણસે પેદા કરેલી આ સમસ્યાનો સામનો હવે માણસે જાતે જ કરવો પડશે અને તેનો ઉકેલ પણ તેમણે જાતે જ શોધવો પડશે. પર્યાવરણ જાળવણીના પ્રયાસોમાં દરેક વ્યક્તિએ આગળ આવવું પડશે અને તેનાથી બનતા નાના નાના પ્રયાસો પણ કરવા પડશે.

આપણું જીવન આ પર્યાવરણને જ આભારી છે. જો પર્યાવરણનું રક્ષણ અને સંરક્ષણ જોખમાય તો સજીવ જીવન અસ્તવ્યસ્ત બની જાય છે. શુદ્ધ હવા વૃક્ષો આપે છે સાથે સાથે તે અવાજનું પ્રદુષણ પણ અટકાવે છે, ફળો પણ આપે છે. ઈન્દ્રોડા ગાંધીનગરમાં ઘણા પ્રાણીઓ પક્ષીઓ તથા અન્ય જીવોનું સારી રીતે રક્ષણ તથા પોષણ પુરૂ પાડવામા આવે છે.

વન રહે તાજું તો જીવન રહે સાજું

ઠેર ઠેર પર્યાવરણ જાગૃતિ અંગે પ્રચાર કરી લોકોને જાગૃત કરવા સિવાય હવે એનો બીજો કોઈ ઉપાય નથી.

એક માણસ એક વૃક્ષ ઉછેર

આવો સંકલ્પ બધાએ લેવો જોઈએ. દરેક ને શુદ્ધ હવા મળી રહે અને પંખીને પોતાનો માળો મળી રહે એ માટે નાનકડો પ્રયાસ કરવો જોઈએ.

પર્યાવરણની જાળવણી એ આપણી ફરજ છે તો આપણે આટલું ચોક્કસ કરીશું.

વૃક્ષોને બચાવીશ અને તેનું જતન કરીશ...

સૌર ઉર્જાનો બહોળો ઉપયોગ કરીશ, સૂર્યકુકર, વોટર હીટર વગેરે.

પ્લાસ્ટીકની થેલીઓ કે ઝભલા ઘરમાં લાવીશ નહીં અને કાપડની થેલીનો જ ઉપયોગ કરીશ...

પાણી બચાવો અભિયાનમાં જોડાઈશ પાણીનો ખોટો બગાડ કરીશ નહીં.

વીજળી બચાવીશ, જરૂર વગર લાઈટ, પંખા એસીના ઉપયોગ ટાળીશ અને બાળકોમાં પણ આ સુટેવ પાડીશ.

પક્ષી બચાવો અભિયાનમાં જોડાઈને પતંગ સાવચેતીપૂર્વક ચગાવીશું અને પક્ષી માટે કુંડા માળા લગાવીશું...

વાતાવરણને પ્રદુષિત થતું અટકાવવા માટે દિવાળીમાં પ્રદુષણ ફેલાવે તેવા ફટાકડા ફોડીશું નહીં અને વાતાવરણને શુદ્ધ રાખવામાં અમૂલ્ય ફાળો આપીશું....

હોળી ધુળેટીના તહેવારોમાં કેમીકલ વાળા રંગોથી રમીશું નહીં અને પાણી બચાવીશું કેમ કે-

જલની કિંમત ચાતક જાણે અન્ય ન જાણ કોઈ, રણનો પંથી જળને માને અન્ય ન માણે કોઈ

પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવીશું અને કહીશું કે....

જેને વપરાય નહીં ફરી એ ઘરમાં લવાય નહીં કદી

આટલું કરીશું તો પણ આપણે પર્યાવરણ પ્રેમી જ છીએ અને તેના રક્ષક પણ છીએ જ. અને છેલ્લે...

વૃક્ષ જાય છે ત્યારે એની જાહેર શોકસભા નથી ભરાતી પણ આપણા હૃદયમાં એક શોકસભા હોય છે મરતા વૃક્ષની વેદનામાંથી એક કાવ્ય નહીં વરસેલા આંસુની જેમ ટપકી પડ્યું....

- વૃક્ષ મારું મરવા પડ્યું : વૈદને તેડાવો
- મૂળીએથી ઉખડવા પડ્યું : વૈદને તેડાવો
- વૃક્ષોએ વેઠ્યા છે વાયરાઓ આકરા
- તોયે એણે માણ્યા છે પંખીના ડાયરા
- પાંદડુ ડાળીએ મરવા પડ્યું : વૈદને તેડાવો
- વૃક્ષ મારું મરવા પડ્યું : વૈદને તેડાવો
- વૃક્ષ મારો અંશ મોટો આખો એ વંશ, કાળ તો કુહાડી થઈ કરે એનો ધ્વંસ
- કાળજું મારું આ ડરવા પડ્યું : વૈદને તેડાવો, વૃક્ષ મારું મરવા પડ્યું : વૈદને તેડાવો

- ડિમ્પલ મનીષ વ્યાસ

## ☼ જ્ઞાતિ સમાચાર ☼

શ્રી ઔદિચ્ય સહ ઝાલાવાડી સાડા ચારસો બ્રાહ્મ સમાજ, અમદાવાદ યુવક મંડળ દ્વારા તા. ૨૩-૩-૨૦૨૫ ના રોજ દ્વિતિય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ જેમાં સમાજના આશરે ૫૦ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લઈ ને ૪૫ યુનિટનું રક્તદાન કરેલ. યુવક મંડળના શ્રી કિશન વિજયભાઈ મહેતા અને અર્જુન રાજેન્દ્રભાઈ જોષીએ સમગ્ર કાર્યનું આયોજન ખુબ સુંદર રીતે સંભાળી અને કામગીરી કરી એ બદલ તે બંનેનો ખુબ ખૂબ આભાર.

સદ્‌ભાવ અંગે ખાસ સૂચના

સમગ્ર સદ્‌ભાવ આજીવન સભ્યોને જણાવવાનું કે આ અંક થી સદ્‌ભાવ અમદાવાદમાં મુખ્ય પોસ્ટ ઓફીસથી રવાના કરવામાં આવી રહેલ છે. વર્ષોથી સદ્‌ભાવ આજીવન સભ્યોને પોસ્ટમાં જ મોકલવામાં આવતા હતાં પણ પોસ્ટમાં ન મળવાની ફરીયાદો ને લઈ કુરિયર કરવાનું શરૂ કરેલ. જેમાં પોસ્ટ કરતા ડબલ કે તેથી પણ વધુ ખર્ચ હોવા છતાં જ્ઞાતિ મંડળે ખર્ચ ઉપાડી લેવા નક્કી કર્યું અને સદ્‌ભાવ બની શકે ત્યાં સુધી કુરિયરમાં રવાના કરતા હતા.

પરંતુ છેલ્લા બે અંકોથી કુરીયર અંગેની ફરીયાદો અને કુરીયર વાળા જોડેની તકલીફો પૈસા આપવા છતાં ખૂબ જ વધી ગયેલ પોસ્ટ કરતા પણ વધારે અનિયમિતતા કુરિયરમાં આવી ગયેલ આથી હવે નિયમ મુજબ બધા જ સદ્‌ભાવના અંકો પોસ્ટમાં રવાના કરવામાં આવશે.

આપને જો કોઈ અંક ન મળે તો સૌપ્રથમ આપ આપના સ્થાનિક લેવલે પોસ્ટ ઓફિસમાં તપાસ કે ફરિયાદ કરશો કેમ કે અહીંથી અમે આપને મુખ્ય પોસ્ટ ઓફિસથી રવાના કરીશું.

જો આપને આપના સરનામાં અંગે કોઈ તકલીફ હોય તો એ અંગે સંપર્ક કરી શકો છો. પોસ્ટ દ્વારા કોઈને સદ્‌ભાવ ન મળે તો એના માટે સીધે સીધા અમે જવાબદાર નથી. એના માટે જો તમે ફરીયાદ કરો તો એટલું ચોક્કસ નક્કી કરીશું કે આપનું સદ્‌ભાવ યોગ્ય સરનામું ધરાવે છે કે નહી. ત્યારબાદ આપે પોતાની પોસ્ટ ઓફિસનો સંપર્ક જ કરવાનો રહેશે.

આપ સૌને ફરીથી એક વાર જણાવી દઈએ કે આ ફેરફાર કોઈ કે બે-પાંચ રૂપિયાના ખર્ચ માટેનો નથી પણ પૈસા ખર્ચતા પણ ફરિયાદો ઊભી જ રહે છે તો આ પરિસ્થિતિને આપ સમજી શકશો એ આશા સહ...

# ☼ જ્ઞાતિ ગૌરવ ☼

આપણા સિહોર જ્ઞાતિના પરિવાર તેમજ જોષી પરિવારનું ગૌરવ વધારતો વિરલો એટલે પાર્થ મુકેશભાઈ જોષી લંડનની -- યુનિવસટી માં ૭૫.૨૩% સાથે ઉત્તીર્ણ થઈ જ્ઞાતિ અને પરિવારનું ગૌરવ વધારેલ છે.... ખુબ ખૂબ અભિનંદન

આપણાં અમદાવાદ જ્ઞાતિના મે.ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ પંડિત અને શ્રીમતી ભારતીબેન પંડિતની પૌત્રી કાવ્યા નિરવ પંડિત ને અમેરીકામાં ૪૦ રાજ્યોમાંથી આવેલ ૮૫૦ એન્ટ્રીમાંથી સીલેક્ટ થઈને કાવ્યાના સોસીયલ મીડીયા ઉપરના નો બડી ઈઝ પરફેક્ટ પ્રોજેક્ટને સેકન્ડ પ્રાઈઝ સીલ્વર મેડલ, કેશ પ્રાઈસ અને સર્ટીફીકેટ મળે છે. શ્રી ઔદિચ્ય સહ ઝાલાવાડી ૪૫૦ બ્રહ્મસમાજ તરફથી કાવ્યા નીરવ પંડિતને અભિનંદન.

સમગ્ર દેશમાં ઈન્ડિયન ટેલેન્ટ ઓલમ્પિયાડ તરફથી ભારતભરની અંદરથી દોઢ લાખ જેટલી શાળામાં પરીક્ષા લેવામાં આવી હતી. ધોરણ આઠ પછીના વિદ્યાર્થીઓને પરીક્ષામાં શાળાના દેખાવને પગલે દેશના ૧૦૦૦ આચાર્યોને શ્રેષ્ઠ આચાર્યનો એવોર્ડ એનાયત કરાયો છે જેમાં ભાવનગર જ્ઞાતિ મંડળના તરુણભાઈ બી. વ્યાસનો પણ સમાવેશ થાય છે. આચાર્ય અને શિક્ષકની ભૂમિકા બાળકોના ઘડતરમાં યોગદાન આપતી હોય છે. વિદ્યાર્થીઓનું ઘડતર શાળાના શિક્ષકો અને આચાર્યના ફાળે જાય છે. શાળાઓમાં શિક્ષકો અને આચાર્યો હંમેશા કોઈ ને કોઈ નવી પ્રવૃત્તિ કરતા હોય છે. અથવા તો કોઈ પ્રવૃત્તિમાં માર્ગદર્શન આપીને બાળકોની અંદર ઉત્સાહ અને ઉમંગ ભરીને તેમની કારકિર્દી બનાવવામાં ભૂમિકા ભજવતા હોય છે. તેમની શાળામાંથી ૪૬ બાળકોએ પરીક્ષા આપી હતી. સ્ટુડન્ટસે ખાસ સમજાવ્યું હતું કે ધોરણ ૧૨ પછી જે લોકો કોમ્પિટિટિવ પરીક્ષા આપતા હોય છે. તેમાં આ જે પરીક્ષા **IMO, IEO** વગેરે તેમને તે પરીક્ષામાં ખૂબજ કામ લાગે છે.

અમદાવાદ જ્ઞાતિ મંડળના મે.ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ એફ. પંડિત અને મહિલા મંડળના સભ્ય શ્રીમતી ભારતીબેન પંડિતની પૌત્રી કાવ્યા નિરવ પંડિત વોશીંગટન (યુ.એસ.એ.) ખાતે ૪ દિવસની

એકેડમી ગેમ્સ કોમ્પિટીશનમાં ૫ ટ્રોફી અને ત્રણ મેડલ મેળવી અમેરીકામાં ઓવર ઓલ ત્રીજા સ્થાને વિજયી થયેલ છે. ચિ.કાવ્યાને અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ.....

**પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ**



બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા, માધવ ચેરીટેબલ ટ્રસ્ટ કપડવંજ અને મેટ્રો કલ્ચરલ કલબ ગાંધીનગર દ્વારા શ્રી પુલકિત જોષી - નાયબ પરિક્ષા સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ની પ્રેરણાથી તા. ૨૭-૪-૨૦૨૫ ના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે સમગ્ર ગુજરાતના પર્યાવરણ સંરક્ષકનું સન્માન કરવામાં આવ્યું જેમાં માનનીય ક્ષિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીન્ડોર ના હસ્તે શ્રીમતી જે.એમ.જી. હાઈસ્કૂલ શેરથાના મ.શિક્ષિકા શ્રીમતી ડિમ્પલબેન હિંમ્મતલાલ ભટ્ટ-સદભાવ તંત્રીને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રીઓ માજી મંત્રીશ્રીઓ અને મેયરશ્રી, કમીશ્નરશ્રી ગાંધીનગર, વિવિધ સચિવશ્રીઓ અને અધિકારીઓ અને વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પણ શ્રીમત ડિમ્પલબેન દ્વારા કરવામાં આવેલ.

## Maharashtra Business Leadership Award 2025



**Mr. Pranav Joshi, Founder, Director & CEO, Krios Info Solutions Private Limited In the Category of Excellence in IT Services and Consulting is Recognised by Prime Tycoon Media & Tech LLP In Recognition of Outstanding Professional Achivement & Contribution In National Building.**

**Date : 10th MAY 2025**

# મહુવા ચિત્રકુટ ધામ અને ભગુડા મંદિરે માઁ ઉપાસક શૈલેષદાદા પંડિતનું સન્માન




મુળવતન મોટી વાવડી અને હાલ ભાવનગર રહેતા શૈલેષભાઈ હિંમતભાઈ પંડિત ભાવનગર સૌરાષ્ટ્રમાં આધ્યાત્મિક ગુરૂ તરીકે ખૂબજ પ્રતિષ્ઠિત છે. હિન્દુ સનાતન ધર્મ અનુસાર સમાજને સાચો માર્ગ બતાવવા અને લોકોને અંધશ્રધ્ધાથી દુર રાખવામાં જેમનું મોટું યોગદાન છે તેવા માઁ આદ્યશક્તિ અંબાના પરમ ઉપાસક શ્રી શૈલેષદાદા પંડિતનું મોગલધામ ભગુડા ખાતે મોગલ માતાજીના દર્શને પધારેલા અધ્યાત્મિક ગુરુ શૈલેષ દાદા પંડિતનું જગ્યાના ટ્રસ્ટીશ્રી અને લોક સાહિત્યકાર માયાભાઈ આહિર દ્વારા સન્માન કરાયું હતું. મહુવાના તલગાજરડા ચિત્રકુટ ધામ ખાતે ખ્યાતનામ કથાકાર પૂ.મોરારીબાપુ એ પણ પંડિતજીનું સન્માન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શૈલેષ દાદા પંડિતનો બહોળો સેવક સમુદાય છે. તે લોકોને અંધશ્રધ્ધાથી દુર રહેવા અને સતકર્મા કરવા પર ભાર મુકી રહ્યા છે.તેઓ વ્યસનમુક્તિ, જીવદયા, શૈક્ષણિક, આરોગ્ય સેવા જેવા સામાજીક સેવા કાર્ય માટે હંમેશા હાંકલ કરતા રહ્યાં છે. તેમણે અસંખ્ય લોકોને જીવનનો સાચો માર્ગ બતાવ્યો છે. ધર્મ અને પુણ્યના રસ્તે વાળ્યા છે. ત્યારે તેમનું સન્માન સાચા હિન્દુ સનાતન ધર્મ રક્ષકનું સન્માન ગણાવાય છે.

## રમ્ય સૂર્યાસ્ત

ભૂમિ અરવિંદભાઈ રાવલ
પાટણા, ભાલ

ન ડૂબ્યો ન આથમ્યો, બસ થોડો શમ્યો,

બસ કંઈક એમ જ આ, આ તપતો સુરજ પણ ગમ્યો.....

ન આશા ન નિરાશા, પછી ઘડીભર થમ્યો,

તોય જો ને  એ તત્વ, રમ્ય દ્રશ્યે રમ્યો.....

જો એ તપતાંય નહી, કંઈક ઘડીક ખમ્યો.

જો ને એ નજરે ચડવા, આમ સ્હેજે થોડું નમ્યો......

કંઈક એવી રીતે, એ નમતો સુરજ પણ મને ગમ્યો...

## ખબર નહીં કેમ...

હમણાંથી લોકો મને ઓછા સમજાય છે...

જ્યાં શબ્દોને સમજવા બેસું છું, ત્યાં તેમના વર્તન બદલાઈ જાય છે,

ખબર નહીં કેમ હમણાથી લોકો મને ઓછા સમજાય છે.

જ્યાં તેમના કહ્યાનો અર્થ હું સમજુ છું.

ત્યાં તેના ખુદ જ તેના કહેલાનો અર્થ બદલી જાય છે

ખબર નહિ કેમ....

હમણાથી લોકો મને ઓછા સમજાય છે.

જ્યાં હમણાં જ એને હું મારા સમજુ છું

ત્યાં બીજી પળે એ મારી ભુલ  સમજાવી જાય છે. ખબર નહિં કેમ.....

હમણાથી લોકો મને ઓછા સમજાય છે.

જ્યાં ઘણું કરીને ખુદને ખુશ રાખવા મથુ છું

ત્યાં મારું જ નિર્જીવ હસતું પુતળુ મને દેખાઈ જાય છે ખબર નહિ કેમ... ?

હમણાથી મને લોકો વધુ, અને મારી જાત મને ઓછી સમજાય છે.

# ☼ કોઠાસૂઝ ☼

- વિનોદ વ્યાસ, વલ્લભવિદ્યાનગર

એક જાણીતી ટૂથપેસ્ટ બનાવતી કંપનીનું વેચાણ ઘટતું જતું હતું આથી વેચાણ વધારવા માટે શું કરવું એના ઉપાય સૂચવવા માટે કંપનીએ સમગ્ર કર્મચારીગણની એક મિટિંગનું આયોજન કર્યું. કંપનીના મોટા મોટા અધિકારીઓએ અનેક ઉપાયો સૂચવ્યા પરંતુ કંઈ ઉકેલ મળ્યો નહીં છેવટે કંપનીના એક ખૂબ જ ઓછું ભણેલા પટાવાળાએ એક સરસ ઉપાય સૂચવ્યો કે પેઈસ્ટ જ્યાંથી બહાર નિકળે છે એ ટ્યુબનો અગ્રભાગ થોડો પહોળો કરી નાખો એના કારણે ટુથપેસ્ટની વપરાશ વધી જશે વપરાશ વધતા વેચાણ પણ વધશે. નાના કે સામાન્ય માણસમાં રહેલી કોઠાસૂઝનું આ બહું જ જુનું અને જાણીતું ઉદાહરણ છે.

ઘણા લોકો ભણેલા ન હોવા છતાં વ્યવહારિક નિર્ણયો લેવાની સમજ ધરાવતા હોય છે, આવી સમજને કોઠાસૂઝ કહી શકાય. માણસ શિક્ષિત હોય એ ખૂબ જ જરૂરી અને અવિાર્ય છે પરંતુ જીવનમાં યોગ્ય નિર્ણય લેવા માટે માત્ર ભણેલા હોવું પુરતું નથી. માણસમાં રહેલું જન્મજાત ડહાપણ પુસ્તકિયા જ્ઞાનથી વિશેષ હોય છે. ઘણા લોકોમાં અલગ રીતે વિચારવાની કુદરતી આવડત હોય છે અને તેઓ ભણેલા લોકોથી વધારે સારી રીતે સમસ્યાઓનો હલ કાઢી શકે છે આ અલગ રીતે વિચારવાની કુદરતી આવડત એટલેજ કોઠાસૂઝ.

આ લખતાં સમયે મેં હમણાં જ વાંચેલા ડહાપણ વિશેનો વિનેશ અંતાણીનો એક લેખ મને યાદ આવે છે એમણે આવી કોઠાસૂઝ કે આંતરસૂઝની સમજણ આપતું એક સુંદર ઉદાહરણ ટાંક્યું છે.

એકવાર ન્હાવાના સાબુ બનાવતી વિદેશની ખૂબ જાણીતી કંપનીના સંચાલકો સામે અણધારી સમસ્યા ઉભી થઈ. કંપનીના સાબુનો માલ બજાર પહોંચી ગયો ત્યાર ખબર પડી કે બોક્સમાં સાબુ જ ન હતાં. ખાલી ખોખા હતા, કંપનીની શાખ જોખમમાં મુકાઈ ગઈ, એમની કંપનીમાં સાબુ બનાવવાથી માંડીને બોક્સમાં પેક કરવાની સમગ્ર પ્રક્રિયા યંત્ર આધારિત સ્વંયસંચાલિત હતી. બોક્સમાં સાબુ ભરવાના સ્ટેજ પર કશીક ટેકનીકલ ગરબડ થઈ હતી, ભવિષ્યમાં આવી ભૂલ નિવારવા માટે નિષ્ણાંતોએ સિસ્ટમમાં સુધારો કરવા ઘણા કલાકો ચર્ચા વિચારણા કરી પણ કોઈ ઉકેલ મળ્યો નહીં છેવટે કંપનીના નીચી પાયરીના એક અભણ કર્મચારીએ સરળ ઉપાય સૂચવ્યો, સાબુનું પેકીંગ થતું હોય તે જગ્યાએ મોટા પેડેસ્ટલ ફેન મૂકો, બોક્સ ખાલી હશે તે પવનમાં ઉડી જશે એમાં સાબુ હશે તો ભરેલા બોક્સ પસાર થઈ જશે.

અત્રે મને કોઠાસૂઝનું આવું જ એક ઉદાહરણ યાદ આવે છે, એક નવા બનીને તૈયાર થઈ ગયેલા પુલ પાસે બે એન્જીનીયર ઉભા ઉભા ચર્ચા કરી રહ્યા હતા, એવામાં અભણ અને ગામડા જેવા લાગતા એક દાદા ત્યાંથી નિકળ્યા, બંને એન્જીનીયરને મૂંઝાયેલા જોઈને દાદાએ પૂછ્યું, કઈ તકલીફ છે ? હું કંઈ મદદ કરી શકું ?

એક એન્જીનીયર કહે, દાદા તકલીફતો છે પરંતુ તમારાથી એ દૂર થાય એવી નથી દાદા એ કહ્યું, તકલીફ દૂર થાય કે ન થાય એ દૂરની વાત છે પરંતુ તકલીફ શું છે એ મને કહેવામાં તો તમને કશી તકલીફ નથીને ? એન્જિનીયરે પુલની નીચેના ભાગમાં આ છેડાથી સામેના છેડા સુધી ફીટ કરેલો એક પાઈપ બતાવતા કહ્યું કે એ પાઈપ પુલ સાથે ફીટ કરતાં પહેલા પાઈપમાં આ છેડાથી ઈલેકટ્રીકનો વાયર નાંખી સામેના છેડાથી બહાર કાઢવાનો હતો પરંતુ અમારા ભણેલા માણસની ભૂલ કે મૂર્ખાઈ જે કહો તે પણ પાઈપમાં વાયર નાખ્યા વગર પાઈપ પુલ સાથે ફીટ કરી દીધો હવે સમસ્યા એ છે કે પાઈપમાં આ છેડાથી વાયર નાખીને સામે છેડે કાઢવો કઈ રીતે ? દાદાએ પ્રશ્ન કર્યો કે વાયર કેટલો જાડો છે? એના જવાબમાં એન્જિનીયરે પોતાની બાજુમાં પડેલું વાયરનું બંડલ બતાવ્યું એ જોઈ દાદાએ કહ્યું, વાયર પાતળો છે અને પાઈપ પહોળો છે એટલે સહેલાઈથી સામા છેડે નીકળી જાય. એન્જિનીયરે કહ્યું એટલી તો મનેય ખબર પડે છે પણ સવાલ એ છે કે વાયરને આ છેડેથી નાખીને સામેના છેડા સુધી પહોંચાડવો કઈ રીતે ? દાદાએ કહ્યું પહેલા તો આ પાઈપમાંથી પસાર થઈ શકે એવો એક ઉંદર પકડી લાવો એ ઉંદરની પૂંછડી સાથે આ વાયરનો એક છેડો દોરીથી મજબુત બાંધી દો પછી ઉંદરને પાઈપમાં છુટો મુકી દો પછી આ છેડાથી પાઈપ ખખડાવતા રહેશો એટલે ઉંદર બીકનો માર્યો આ બાજુ પાછો નહીં આવે અને સામે છેડેથી બહાર નીકળી જશે સાથે સાથે તમારો વાયર પણ બહાર નીકળી જશે. તમારે આમાં બે વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે એક તો વાયરને પૂછડી સાથે મજબૂત બાંધવાનો અને બીજું વાયરના બંડલને ખોલીને વાયર છુટો કરી નાખવાનો જેથી વાયર તણાવના કારણે પુછડીથી છુટો ન પડી જાય અને સહેલાથી ઉંદરની પૂંછડી સાથે ખેંચતો જાય.

આ સિવાય કોઠાસૂઝના અનેક ઉદાહરણો આપણી રોજબરોજની જીંદગીમાં આપણને જોવા મળતો હોય છે જેમાં સામાન્ય માણસોમાં રહેલ અસામાન્ય કોઠાસૂઝનો આપણને પરિચય થાય છે.

વિનેશ અંતાણીના લખ્યા મુજબ અભ્યાસીઓએ આવી કોઠાસૂઝ ધરાવતા લોકોના કેટલાક લક્ષણો તારવ્યા છે એ મુજબ બહારથી આવા લોકો સામાન્ય લાગતા હોય છે પરંતુ આવા લોકોમાં અકલ્પ્ય બુદ્ધિ હોય છે. એમનામાં અદ્‌ભૂત નિરિક્ષણ શક્તિ હોય છે તેઓ એમની આજુબાજુની ઘટનાઓ અને લોકોનું પૃથ્થકરણ કરતા રહે છે તે સાદા પરંતુ વ્યાવહારીક નિર્ણયો લેવાની ક્ષમતા ધરાવે છે કોઈપણ સૂચન ઉપર વિચાર કરવા તેઓ તૈયાર હોય છે અને તંગ પરિસ્થિતિમાં પણ હળવા રહી શકે છે.

આજના સતત પરિવર્તનશીલ સમયમાં જ્યારે જીવન મૂલ્યો ઝડપથી બદલાતા જાય છે અને આવી કોઠાસૂઝ ધરાવતા અનુભવસિદ્ધ વડીલોનું મહત્વ ઘટવા લાગ્યું છે ત્યારે જન્મજાત કોઠાસૂઝ ધરાવતા વડીલોની આપણે જરૂર પડવાની છે.

## ☼ મોહન થાળનો ડબ્બો ☼

-કૌશિક વ્યાસ, શિહોર

હંમેશા મુજબ સાંજે ૬-૦૦ વાગ્યે ઓફિસથી નીકળી ઘરે પાછા જવા ૬-૩૦ની ભાયંદર ફાસ્ટ પકડી ઘરે જવા નીકળ્યો. રસ્તામાં મારા મિત્ર પ્રથમનો ફોન આવ્યો કે ફાઉન્ટન પાસે ઉભો રહેજે મને થોડું કામ છે. હું ત્યાં તેની રાહ જોઈ બાજુમાં બનેલા પાકગની રેલીંગ પર બેઠો હતો. એક ૭૦-૭૫ વર્ષના વૃદ્ધ જેને જાડા કાચના ચશ્મા પહેરેલા હતા અને મેલા-ઘેલા કપડાં પહેર્યા હતાં તે મારા પાસે આવી મારા પગ પકડીને બોલ્યા : સાહેબ બહુ ભુખ લાગી છે એક વડાપાવ ખવડાવશો? તે કોઈ ભિખારી હોય તેવું લાગતુ ન હતું કે તેને ભિક્ષા માંગવાની આદત હોય તેમ પણ લાગતું ન હતું.

અચાનક પગ પકડવાથી હું હબડીને નીચે ઉતરી ગયો. આ વ્યક્તિને જોઈ મને સંકોચ થયો મે કહ્યું કાકા ભુખ લાગી છે ? ને પછી ખીસ્સામાં હાથ નાખી ૫૦ની નોટ કાઢી તેના હાથમાં મુકી તો તેઓએ તરતજ પાછી આપી કહે : નહીં ભાઈ આટલા બધા નહીં મને ફક્ત વડાપાઉ જેટલાં જ પૈસા આપો. હું જઈને બે વડાપાઉ લઈ આવ્યો. કાકા ત્યાંજ નીચે બેસીને ખાવા લાગ્યા.

મેં પૂછ્યું, કાકા ક્યાંથી આવો છો ? ક્યાં જાવું છે ? કોઈને શોધવા નીકળ્યા છો કે શું ?

તેમણે જવાબ આપ્યો. હું પુના પાસેના એક ગામ થી આવું છું તારા જેવડો મારો પુત્ર અહીં કોઈ મોટી કંપનીમાં એન્જીનીયર છે. બે વર્ષ પહેલા તેને મુંબઈમાં લવમેરેજ કરેલા. તેની ભણેલી પત્નીને અમારા ગામડીયા સાથે રહેવું ગમતું નથી એટલે છોકરો અહીં તેની સાથે છેલ્લા બે વરસથી અલગથી રહે છે. પરમદિવસે તેનો અમારા પર ફોન આવ્યો હતો કે અમેરિકામાં નોકરી મળી છે. પત્ની લઈને ૧૦ વર્ષ માટે અમેરિકા જાય છે. મુંબઈ થી વરસે દિવસે એકાદ વાર મળવા આવી જતો હતો પણ હવે આટલું દૂર પરદેશ જતા પહેલાં એકવાર તો મળીને જા કહ્યું તો કહે. જલ્દી જાવું છે એટલે સમય નથી મને થયું ૧૦ વર્ષ હવે જીવન હશે કે નહીં કોને ખબર ? એટલે હું જ મળી આવું. પાડોશી પાસેથી ઉછીના પૈસા લઈને ટિકિટની વ્યવસ્થા કરી હવે મારી પાસે પૈસા નથી. બે દિવસથી મુંબઈમાં ફરુ છું પણ લોકો કહે છે અહીં ફાઉન્ટનમાં એરપોર્ટ નથી એ તો અંધેરીમાં છે. પરંતુ મારા પુત્રએ તો મને આજ સરનામું લખાવ્યું હતું... કહી ને તેણે ખિસ્સા માંથી એક ચબરખી કાઢી બોલ્યા, આ મોબાઈલ પણ ખરાબ થઈ ગયો લાગે છે. બે દિવસથી મારા દિકરાનો એક પણ ફોન નથી આવ્યો. મેં પૂછ્યું તમે કેમ ફોન કરીને પૂછી નથી લેતા ? તો કહે, મને ફોન કરતા નથી આવડતું. મેં તેમનો ફોન લઈને રીસીવ્ડ કોલનું લીસ્ટ કાઢીને બે દિવસ પહેલા આવેલ એક માત્ર નંબર પર ફોન કર્યો તો સામેથી ફોન કટ કરવામાં

આવ્યો. મેં વારંવાર પ્રયત્ન કર્યો પણ રિજલ્ટ તે જ આવ્યું. છેવટે મેં તેમની પાસેથી ચબરખી લઈ સરનામું વાંચ્યુ, આંતરરાષ્ટ્રીય હવાઈ મથક - ફાઉન્ટન, ફોર્ટ મુંબઈ.

મને સમજાઈ ગયું કે માં-બાપને ટાળવા માટે જ તેણે ખોટું સરનામું લખાવ્યું હતું અને હવે ફોન ઉપાડવાનું પણ ટાળતો હતો. મને સમજાઈ ગયું કે જે દિશામાં તેનું વિમાન ગયું હતું તેના પાછા ફરવાની શક્યતાં ઘણી ઓછી હતી. અથવા તો એનો પુત્ર મુંબઈમાં જ રહે છે પિતાને મળવા, સાચવા નથી માંગતો. મને સમજાઈ રહ્યું હતું કે પુત્ર તરફથી થઈ રહે રહેલી તેની ઉપેક્ષા તેને સમજાતી નહોતી અથવા તો જે સમજાઈ રહ્યું હતું કે તેનો પોતાનો પુત્ર તેને અવગણી રહ્યો છે તે સ્વીકારવા તેમનું મન તૈયાર નહોતું.

મેં કહ્યું, કાકા હવે તો વિમાન નિકળી ગયુ હશે તે તમે પાછા ગામડે તમારા ઘરે જાવ... કાકી તમારી રાહ જોતા હશે તેમના હાથમાં રહેલી જુની થેલી પર તેમણે હાથ ફેરવ્યો મે જોયું, ડબ્બા જેવું લાગ્યું મેં પૂછ્યું, કાકા આમાં શું છે? તેઓ બોલ્યા આ તો મારા દિકરાને મોહનથાળ બહુ ભાવે એટલે તેની માં એ બનાવીને મોકલ્યો હતો. મારા દિલમાં એકદમ ધ્રાસકો પડ્યો. મને પારાવાર વેદના થઈ. મને થયું કે તેમના નાલાયક દિકરાની હકીકત તેમને સમજાવું પણ મારી હિંમત ખલાસ થઈ ગઈ હતી. મારા કાળજાના કટકા થઈ રહ્યાં હતાં. હું નિશબ્દ બની તેમની સામે જોઈ રહ્યો હતો....

મેં કહ્યું, કાકા હવે પુના જાવ, મોડું થઈ જાશે વિમાન તો હવે જતું રહ્યું. રડતી આંખે તેઓ ત્યાંથી વિદાય થયા, ભારે પગલે હું ત્યાંથી ચાલતો થયો. થોડે આગળ ગયા પછી મને સમજાયું કે તેઓની પાસે તો પુના બસ કે ટ્રેનમાં જવા માટે પણ પૈસા નથી. હું ઝડપથી પાછો ગયો અને મનાવીને મારા ઘરે લઈ આવ્યો એક દિવસ રોકાઈને આવતી કાલે તમે પુના જજો. ટિકિટની વ્યવસ્થા હું કરી આપીશ. તે દિવસે મોડી રાત સુધી મને ઉંઘ ન આવી. બાજુના રૂમમાં કાકાની પણ આજ હાલત હતી. રહી રહીને મને એક જ વિચાર આવતો હતો કે ભૂખના માર્યા એક વડાપાવ માટે કાકલૂદિ કરતા એ વૃદ્ધ શું પુત્ર માટે લાવેલો પોતાની પાસે ના ડબ્બામાંથી એક મોહનથાળનું બટકુ નોતા ખાઈ શક્તા ? પણ એ મોહનથાળ તો માતા એ એના દિકરા માટે બનાવ્યો હતોં ને... બાપ તે થોડો ખાઈ શકે ? આટલો બધો પુત્ર પ્રેમ !!!

બીજા દિવસે હું તેમને પુનાની ટ્રેનમાં મૂકી આવ્યો...ઘરે આવ્યો તો પત્ની એ કહ્યું કે કાકા મોહનથાળનો ડબ્બો ભૂલી ગયા છે... મેં કહ્યું એ ભૂલી નથી ગયા આપણા બન્ને માટે ઈરાદાપૂર્વક રાખીને ગયા છે.

અમદાવાદ જ્ઞાતિ આજીવન સભ્યના પરિવાર માટે પુસ્તક નોટબુક સહાય - શિષ્યવૃતિ / પારિતોષિક માટેનું ફોર્મ

**શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડા ચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ.**

૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સ સામે, શ્યામ શિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫
email : sadbhav84@gmail.com M. 9998000450

**વિદ્યાર્થીનું નામ :.................................................................................**

**વિદ્યાર્થીના પિતાનું પુરૂ નામ :.......................................................................**

**સરનામું તથા મોબાઈલ નંબર :...................................................................**

**જ્ઞાતિ આજીવન સભ્ય નંબર ફરજીયાત :........................................................**

**શાળા / કોલેજ નામ અને સરનામું : ..........................................................**

**વિદ્યાર્થીએ વર્ષ ૨૦૨૪-૨૫માં પાસ કરેલ વાષક પરિક્ષાનું પરિણામ : ધોરણ/સેમેસ્ટર : ........... ટકા : ........**

**પુસ્તક નોટબુક સહાય / શિષ્યવૃતિ :......................... પારિતોષિક :...................**

**બેંકની વિગત : અંગ્રેજી કેપીટલ અક્ષરમાં લખવી.**

**બેંકનું નામ બ્રાન્ચ સાથે :.............................................................................**

**આઈએફએસ કોડ :.........................................................................................**

**ખાતેદારનું નામ :.........................................................................................**

**બચત / ખાતા નંબર :....................................................................................**

**અમે પ્રતિજ્ઞા પૂર્વક જણાવીએ છીએ કે ઉપરની વિગત સંપૂર્ણપણે સત્ય છે.**

**વિદ્યાર્થીની સહી :.........................  વાલીની સહી : ..........................**

--------------------------------------------------------------------------------

**પુસ્તક નોટબુક સહાય / શિષ્યવૃતિ / પારિતોષિક ફોર્મના સુચન :**

- છેલ્લી વાષક પરિક્ષાની ગુણ પત્રકની નકલ જોડવી.
- પુસ્તક નોટબુક સહાય / શિષ્યવૃતિ આવતા વર્ષના અભ્યાસ માટે હોય છે એટલે આવતા વર્ષના અભ્યાસની ફી ભર્યાની રસીદ નકલ જોડવી.
- ફોર્મમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવો કે આ ફોર્મ સહાય અને પારિતોષિક માટે છે અથવા ફક્ત પારિતોષિક માટે છે.
- ૬૦% વધારે ટકાને પારિતોષિક માટે માન્ય ગણાશે.
- સહાય અને પારિતોષિક માટે જ્ઞાતિની કાર્યવાહક સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

## દાન-સરવાણી

### -: સદભાવ જાહેરાત :-

| | | |
|---|---|---|
| ૭૫૦૦-૦૦ | શ્રી અજયભાઈ શુકલ (સિહોર)<br>(માર્ચ-૨૦૨૫ની જાહેરાત પેટે) પી.એન.બી.માં કેશ ટ્રાન્સફર | ૯૫૦૩ |
| ૭૫૦-૦૦ | શ્રી જીતેશભાઈ એમ. વ્યાસ (અમદાવાદ) યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૦૪ |
| ૭૫૦-૦૦ | શ્રી આનંદભાઈ જુગલકિશોરભાઈ વ્યાસ અમદાવાદ<br>યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૦૯ |
| ૭૫૦-૦૦ | શ્રી ઉદયભાઈ વ્યાસ (અમદાવાદ)<br>માર્ચ-૨૦૨૫, બાયોડેટા, યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૧૧ |
| ૧૫૦૦-૦૦ | ડૉ.કિરીટભાઈ મનસુખલાલ આચાર્ય (જામનગર) | ૯૫૧૨ |

### -: સદભાવ આજીવન :-

| | | |
|---|---|---|
| ૧૦૦૦-૦૦ | શ્રી વિપુલકુમાર વિનોદરાય દવે (અમરેલી) યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૦૫ |
| ૧૦૦૦-૦૦ | શ્રી આનંદભાઈ જુગલકિશોરભાઈ વ્યાસ યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૧૦ |

### -: ખુશીભેટ :-

| | | |
|---|---|---|
| ૧૦૦૦-૦૦ | યશુબેન એ. ત્રિવેદી<br>(પુત્ર હાર્દિક ત્રિવેદીની પુણ્યતિથિ નિમિત્તે) | ૯૩૯૭ |
| ૧૦૦૧-૦૦ | ભાનુબેન કમલભાઈ ત્રિવેદી<br>(શિવરાત્રી નિમિત્તે-યુ.બી.આઈ.ટ્રાન્સફર) | ૯૪૦૦ |
| ૧૦૦૦-૦૦ | ડૉ.કિરીટભાઈ મનસુખલાલ આચાર્ય (જામનગર) | ૯૫૧૨ |

### -: વિદ્યોતેજક ફંડ :-

| | | |
|---|---|---|
| ૨૫૦૦-૦૦ | સ્વ.લાભશંકર રેવાશંકર રાજ્યગુરૂ<br>(હ.શ્રી નયનભાઈ લાભશંકર રાજ્યગુરૂ) યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૦૨ |

## -: શાંતાબા રૂક્ષ્મણીબા ભાગીરથી ફંડ :-

| | | |
|---|---|---|
| ૨૫૦૦-૦૦ | સ્વ.લાભશંકર રેવાશંકર રાજ્યગુરૂ<br>(હ.શ્રી નયનભાઈ લાભશંકર રાજ્યગુરૂ) યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૦૧ |
| ૧૧૦૦-૦૦ | શ્રી વિરેશભાઈ અને શ્રી જયેશભાઈ જોષી-પાવીજેતપુર<br>(સ્વ.દયાબેન અનંતરાય જોષીની સરવણી સમયે)<br>યુ.બી.આઈ.ટ્રાન્સફર | ૯૫૦૬ |

## -: જ્ઞાતિ આજીવન :-

| | | |
|---|---|---|
| ૫૦૦-૦૦ | શ્રી મેહુલભાઈ ભાસ્કરભાઈ દવે | ૯૫૦૭ |

★ નોંધ : ગત માર્ચ-૨૦૨૫ના અંક નંબર ૨૧૭માં વાષક સહયોગ ૧૨૦૦ રૂા. શ્રી કિરીટભાઈ કાંતિલાલ ત્રિવેદી બાપુનગર એમ સુધારીને વાંચવા વિનંતી.

## ☼ અવસાન નોંધ ☼

- લાભશંકર રેવાશંકર રાજ્યગુરૂ ઉ.વ.૮૮ મુ.વ. સાવરકુંડલા, હાલ અમદાવાદ) નું તા. ૧૪-૩-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- ઉપેન્દ્રભાઈ ભૂપતરાય શુકલ (ઉ.વ.૬૧, વલ્લભીપુર નિવાસી, હાલ - મુંબઈ) નું તા.૨૬-૩-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- પ્રહલાદભાઈ મગનલાલ ત્રિવેદી (ઉ.વ.૯૧ ગામ ભાવનગર) તા. ૨૭-૩-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- નિતેષભાઈ પ્રાણસુખલાલ દવે (ઉ.વ. ૫૦ મુ.વ. રળીયાણા હાલ ભાવનગર) તા. ૨૮-૩-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- રાજેન્દ્રભાઈ તુલસીદાસ વ્યાસ (ઉ.વ.૭૫ ગામ-વડોદરા) તા. ૩૦-૩-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- વર્ષાબેન પ્રમોદભાઈ પંડ્યા (મોટા સુરકા, હાલ સિહોર)નું તા. ૧-૪-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- રંજનબેન ઈન્દ્રવદનભાઈ મહેતા (ઉ.વ. ૭૫ ગામ મહુવા) તા. ૧-૪-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- નિર્મળાબેન કનૈયાલાલ ભટ્ટ (ઉ.વ. ૭૮ મોટા લીલીયા, હાલ ભાવનગર)નું તા. ૮-૪-૨૦૨૫ના રોજ

અવસાન થયેલ છે.

- અરવિંદભાઈ બાલાશંકરભાઈ પંડ્યા (મુ.વ.માંડવધાર) નું તા. ૨૦-૪-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- પુષ્પાબેન ચીમનલાલ વ્યાસ ઉ.વ. ૮૬ (પાલીતાણા નિવાસી હાલ ભાવનગર) નું તા. ૨૨-૪-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- મહેન્દ્રભાઈ જેઠાલાલ મહેતા (ઉ.વ. ૮૬, ભાવનગર) તા. ૨૫-૪-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- અરવિંદભાઈ દયાશંકરભાઈ જોષી (ઉ.વ.૮૨, મુ. ખાખરીયા ભાવનગર) નું તા. ૨૮-૪-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- રાહુલ લલિતકુમાર ત્રિવેદી (અંકલેશ્વર) તા.૨-૫--૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- માલતીબેન શરદભાઈ પંડ્યા(ઉ.વ. ૫૧ મુ.વ. ટાટમ હાલ ગઢડા(સ્વામીના) નું તા.૩-૫-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- જયશ્રીબેન રાજેન્દ્રભાઈ વ્યાસ (મુ.વ.ચિત્રાવાવ હાલ ભાવનગર)ું તા. ૩-૫-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- ભરતભાઈ નાનાલાલ ત્રિવેદી ઉ.વ. ૭૦ મુળ વતન વરસડા (વડોદરા) તા. ૧૨-૫--૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.
- નિખિલભાઈ નલિનકાન્ત ઉપાધ્યાય નું અવસાન અમદાવાદ મુકામે તા. ૧૪-૫-૨૦૨૫ના રોજ થયેલ છે.

---

## શ્રી ઔદિચ્ય સહ ઝાલાવાડી સાડા ચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

## પુસ્તક નોટબુક સહાય / શિષ્યવૃત્તિ / પારિતોષિક માટેની સૂચનાઓ

અમદાવાદ જ્ઞાતિ મંડળના સર્વ જ્ઞાતિ આજીવન સભ્યોને જણાવવાનું કે પુસ્તક નોટબુક સહાય માટેનું ફોર્મ આ અંકમાં આપેલ છે જે સંપૂર્ણ ભરી તા. ૩૦-૬-૨૦૨૫ સુધીમાં કાર્યાલય ઉપર જમા કરાવવાનું રહેશે. પરિણામ બાકી હોય તેમણે પણ ફોર્મ ભરી દેવું. પરિણામ પાછળથી જમા કરાવવાનું રહેશે. પુસ્તક નોટબુક સહાય શિષ્યવૃત્તિ તા. ૧૩-૭-૨૦૨૫ને રવિવારના રોજ જ્ઞાતિ કાર્યાલય પરથી સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાની રહેશે.

- કારોબારી સમિતિ